- નગરપાલિકા દ્વારા હાથ ધરાતી યોજના હેઠળ ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થીક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત :–

**માહિતી મેળવવા બાબતેનો અધિનિયમ – ૦૫ કલમ– ૪ (૧) (ખ) અન્વયેના પ્રકરણ –૧૨ અન્વયે નગરપાલિકામાં હાથ ધરાતી યોજનાઓ અને લાભાર્થીઓની માહિતી :–**

| ક્રમ | યોજનાનું નામ | હેતુ તથા ઉદેશ | ફાળવેલ ગ્રાન્ટ | પ્રવૃતિ | લાભાર્થી | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | યુ. બી. એસ. (અરબન બેઝીક સર્વિસ | આ યોજનાનો મુખ્ય હેતુ શહેર વિસ્તારમાં પાયાની સવલતો પુરી પાડવાનો અને મુખ્ય ઉદેશ શહેર વિસ્તારના આર્થિક રીતે નબળા કુટુંબોની મહિલાઓ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે તાલિમ , આરોગ્ય, શિક્ષણ અને મહિલા આર્થિક ઉન્નતી માટેની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાનો છે. આ યોજના ૧૯૮૮ – ૮૯ થી નગરપાલિકામાં ચાલુ થયેલ છે. ૧૦૦% સરકારશ્રીની ગ્રાંટ તળે આ યોજના ચાલે છે. | રૂા. ૬,૭૩,૦૦૦ | ૧. પુર્વ પ્રાથમિક શિક્ષણ માટે બાલ વાડિઓ<br>૨. આરોગ્ય લક્ષી પ્રવૃતિ<br>૩. ફીઝીકલ એકટીવીટી<br>૪. કોમ્યુનિટી મોબીલાઇઝેશન<br>૫. આવકલક્ષી પ્રવૃતિ | ૧. શહેરના પછાત વિસ્તાર માં પુર્વ પ્રાથમિક શિક્ષણ માટે ૧૨ બાલવાડિઓ ચલાવવામાં આવે છે. જેમાં અંદાજે ૪૮૦ બાળકો લાભ લે છે.<br>૨. શહેરના પછાત વિસ્તારમાં આરોગ્યની સુવિધા માટે મોબાઈલ ડીસ્પેનસરી ચલાવવામાં આવે છે.<br>૩. પછાત વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા માટે ૧૨ જાહેર વોટર સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે. ૧૫મી ઓગષ્ટ તથા ૨૬ મી જાન્યુ આરી રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી | આ ત્રણેય તાલિમ વર્ગમાં અંદાજે ૧૩૬૮ તાલિમાર્થીઓ લાભ લે છે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | કરવામાં આવે છે.<br><br>(એ) કોમ્પ્યુટર તાલીમ વર્ગ.<br>(બી) શીવણ વર્ગ<br>(સી) બ્યુટી પાર્લર | |
| ૨ | એસ.જે. એસ. આર. વાય. (સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના) | શહેરી ગરીબી રેખા તળે જીવતા પરીવારોને સ્વવેતન રોજગાર તથા તાલીમ આપવા અંગેનો આ યોજનાનો મુખ્ય ઉદેશ છે. આ યોજના કેન્દ્ર તથા રાજય સરકાર પુરસ્કૃત છે. | | ૧. બેન્કેબલ યોજના (એ) હેઠળ અર્ધશિક્ષિત અને બેરોજગાર યુવાનો ને રોજગાર મેળવવા માટે લોન આપવામાં આવે છે.<br><br>(બી) બેરોજગારીઓ માટેના તાલીમ વર્ગ | આ યોજના તળે એસસી.એસ.ટી. લાભાર્થી માટે રૂા. ૧૦,૦૦૦ ની લોન સુધી ૫૦% સબસીડી તથા અન્ય લાભાર્થીઓ માટે ૩૩.૩% સબસીડી આપવામાં આવે છે. ૧૦ હજાર ઉપર થી ૫૦ હજાર સુધી લોનની મર્યાદા માટે એસ. એસ.ટી. માટે ૩૦% સબસીડી અન્ય માટે ૨૫% સબસીડી આપવામાં આવે છે.<br>(એ) ડ્રાઈવર કમ મિકેનિકના તાલીમ વર્ગમાં ૨૫ લાભાર્થી તથા<br>(બી) ઈલેકટ્રીક વાયરમેન | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | (સી) બચત મંડળો<br><br>(ડી) દવાકુઆ જુથ<br><br>(ઈ) બી.પી.એલ. કાર્ડ | તાલીમ વર્ગમાં ૨૫ લાભાર્થીઓ છે.<br>શહેરી ગરીબોને બચત માટે પ્રોત્સાહન મળે તે માટેની આ યોજનાના ૫૧૦ લાભાર્થીઓ છે.<br>પછાત વિસ્તારના ૧૦ બહેનો ભેગા મળીને સ્વરોજગારી માટેનો પ્રોજેકટ હાથધરી શકે તે માટે ની આ યોજનાના ૧૦ લાભાર્થીઓ છે.<br>નગરપાલિકા વિસ્તારમાં વસતા ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબો વોર્ડવાઈઝ ડોર ટુ ડોર મોજણી કરી સરકારશ્રી દ્ધારા નિયત કરેલ માસિક રૂા. ૫૦૧.૧૪ મુજબની આવક ધરાવતા શહેરી ગરીબોને બી.પી.એલ. કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે.આ યોજનાના આશરે ૭૫૬૦ લાભાર્થી છે તથા કુલ લાભાર્થી ૧૭૩૨૨ છે. | |